

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાની સફળ રજુઆત...**

..................................................................................

**રાજકોટ થી હરિદ્વારા જતી "ઉતરાંચલ એકસપ્રેસ" ટ્રેન હવે પ્લેટફોર્મ નંબર ૩ ઉપરથી ઉપડશે...**

સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેરનું રેલ્વે સ્ટેશન સૌથી મોટું ગણાય છે. તેમજ રોજ બરોજ હાજરોની સંખ્યામાં મુસાફરો રેલ્વે સુવિધાઓનો લાભ લેતા હોય છે. ત્યારે રેલ્વે સ્ટેશન પર મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓ ભોગવવી ન પડે અને વધુ સારી સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વે મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ સમક્ષ રજુઆતો કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરવામાં આવે છે.

ત્યારે રાજકોટના જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ (નવો-૪) ઉપર અત્યંત મહત્વની ઉતરાંચલ એકસપ્રેસ જે હરિદ્વાર જતી હોય તે ઉભી રહેતી હતી. ત્યારે આ પ્લેટફોર્મ ઉપર મુસાફરોને કોઈપણ જાતની પ્રાથમીક સુવિધઓ મળતી ન હોવાથી મુસાફરોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો હતો. ત્યારે પ્લેટફોર્મનં. ૬ (નવો-૪) ઉપર તમામ સુવિધાઓ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી અથવા તો ઉતરાંચલ એકસપ્રેસને અન્ય પ્લેટફોર્મ ઉપર સ્ટોપ આપવા રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાની રજુઆતને સફળતા મળેલ છે અને હવેથી રાજકોટ થી હરિદ્વાર જતી "ઉતરાંચલ એકસપ્રેસ" ટ્રેન હવે પ્લેટફોર્મ નંબર ૩ ઉપરથી ઉપડશે. જેથી હરિદ્વાર જતા મુસાફરોને હવે કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો નહિ પડે. તેમજ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમારનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ છે.